**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧/૧૧/૨૦૧૫ રવિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૨૨૨૪/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી ૨૫ વ્યક્તિઓને ઝડપી ૨૬૨ લીટર દેશી દારૂ, ૩૦ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૨૪ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૫ વ્યક્તિને ઝડપી રૂપિયા ૧૨૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૨૫/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનની કોશીશની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૨૨૨૬/૧૫**

**ઇસનપુર :** આરીફ ઇમામભાઇ શેખ (રહે, સંજય ડુપ્લેક્ષ, બેરલ માર્કેટ, દાણીલીમડા) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૧૦/૧૫ નાં કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે આરોપી જુબેર ઉર્ફે ચોટી અયાઝખાન પઠાણ (રહે.રહીમભાઇ ની ચાલી, મિલ્લતનગર) નાઓનાં આરીફ ની પત્ની સાથે આડા સબંધ હોઇ, તેની અદાવત રાખી આરીફને કાંટાવાળી છરીથી માથાનાં ભાગે અને છાતીનાં ભાગે જીવલેણ ઇજાઓ કરી જાનથી મારી નાંખવાની કોશીશ કરી હતી. આરીફને સારવાર અર્થે વી.એસ.હોસ્પીટલમાં દાખલ કરેલ છે.

ઉપરોકત જુબેર ઉર્ફે ચોટી અયાઝખાન પઠાણની ભાભી મેમુનીશા ઇરફાનખાન (રહે.હુસેની મસ્જીદ પાસે, મિલ્લતનગર) એ પણ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આરોપી આરીફ ઇમામભાઇ શેખે પોતાના દિયર જુબેરને છરા વડે પેટનાં ભાગે તેમજ જાંગ ઉપર જીવલેણ ઇજાઓ કરી જાનથી મારી નાંખવાની કોશીશ કરી હતી. જુબેરને સારવાર અર્થે સિવીલ હોસ્પીટલમાં દાખલ કરેલ છે. ઉપરોકત બંને ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એન.પંડ્યા ચલાવે છે.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૨૨૨૭/૧૫**

**કૃષ્ણનગર :** મુળજીભાઇ મગનભાઇ સોલંકી (રહે.કૈલાશપુરી સોસાયટી, ગાયત્રી સોસાયટી નજીક સૈજપુર બોઘા, કૃષ્ણનગર) એ તા.૩૧/૧૦/૧૫ નારોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૧૦/૧૫ ના કલાક ૯/૦૦ થી સાંજનાં ૭/૦૦ વાગ્યા દરમ્યાન ઘર નજીકથી અજાણી વ્યક્તિ પોતાની પુત્રી કાજલબહેન (ઉ.વ.૧૭) નું અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી સી.આર.સંગાડા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**છેતરપીંડીની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૨૨૨૮/૧૫**

**એલીસબ્રીજ :** પારીતોષભાઇ રમણીકભાઇ શાહ (રહે.દર્પણ સોસાયટી, નારણપુરા) એ તા.૩૧/૧૦/૧૫ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૧૦/૧૫ બપોરનાં ૧/૦૦ વાગ્યાના સુમારે પરીમલ ગાર્ડન, દેવ કોમ્પલેક્ષ ખાતે આવેલ પોતાની ઓફીસમાં અજાણી વ્યક્તિએ પારીતોષભાઇનું મેઇલ એકાઉન્ટ હેક કરી, કુલ રૂપિયા ૧૨,૫૦,૦૦૦/- ભરાવી, પારીતોષભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ.પો.ઇ.શ્રી એન.કે.વ્યાસ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૨૨૯/૧૫**

**નરોડા :** કેતનભાઇ દશરથભાઇ પટેલ (રહે.શિવમા એપાર્ટમેન્ટ, ઇસનપુર) એ તા.૩૧/૧૦/૧૫ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૫/૯/૧૫ ના કલાક ૯/૩૫ વાગ્યાના સુમારે નરોડા ગેલેક્ષી ટોકીઝના ગેટ ઉપર આવેલ ગેલેક્ષી પાર્લર નામની પોતાની દુકાનનાં ડોઅરમાં મુકેલ રોકડ રૂપિયા ૧,૫૦,૦૦૦/- કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ.પો.સ.ઇ.શ્રી કે.એચ.જાડેજા ચલાવે છે.

**ગુજરાત યુનિવર્સીટી :** વિરલભાઇ ગુણવંતભાઇ (રહે.અર્બુદા સોસાયટી, જુની પાસપોર્ટ ઓફીસ, ગુલબાઇ ટેકરા, નવરંગપુરા) એ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૧/૧૦/૧૫ સવારના ૭/૩૦ થી ૮/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા ઘરમાંથી અજાણી વ્યક્તિ લેપટોપ અને મોબાઇલ મળી કુલ કિમત રૂપિયા ૭૪,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ.પો.સ.ઇ.શ્રી જે.આર.ભાચકન ચલાવે છે.

**સેટેલાઇટ :** વિસ્મયભાઇ જશવંતભાઇ જોશી (રહે.કિર્તીધામ સોસાયટી, વવોલ, ગાંધીનગર) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૧/૧૦/૧૫ બપોરના ૩/૧૫ વાગ્યાના સુમારે સમાન કોમ્પલેક્ષ સામે પાર્ક કરેલ પોતાની કારમાંથી અજાણી વ્યક્તિ વિસ્મયભાઇની નજર ચુકવી લેપટોપ કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- મતાનું તેમજ જરૂરી દસ્તાવેજોની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી ચિનુભાઇ અમરસંગભાઇ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૨૩૦/૧૫**

**એલીસબ્રીજ :** સુરેશભાઇ પરષોત્તમભાઇ સાંગઠીયા (ઉ.વ.૩૩)(રહે.આંબેડકર કોલોની, આંબાવાડી, એલીસબ્રીજ) એ તા.૩૧/૧૦/૧૫ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૧૦/૧૫ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે આંબાવાડી એસ.બી.આઇ. બેંકની સામે કલ્યાણ જ્વેલર્સ થી ભુદરપુરા તરફ જવાનાં રોડ ઉપરથી પોતાના પિતા પરષોત્તમભાઇ પસાર થઈ રહ્યા હતા ત્યારે ફોરવ્હીલ ગાડી નંબર જીજે.૦૧.કે.એચ.૨૦૯૪ નાં ચાલકે ગાડી પુરઝડપે અને બેદરકારીથી ચલાવી પરષોત્તમભાઇને ટક્કર મારતા, ગંભીર ઈજાઓ થતા, તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ હે.કો.શ્રી સરતાનભાઇ મનોહરભાઇ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**સરખેજ :** કલ્યાણગીરી શંકરગીરી ગોસ્વામી (રહે.ગોતા હાઉસીંગ, મહાશક્તિ ચોક, ગોતા) એ તા.૩૧/૧૦/૧૫ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૧૦/૧૫ ના ૯/૩૦ વાગ્યાના સુમારે બોપલ શાંતીપુરા રીંગ રોડ પુરોહિત હોટલ નજીક પોતાની માતા ગંગાબહેન રોડ ક્રોસ કરતાં હતા દરમ્યાન અજાણ્યા વાહન ચાલકે તેમને ટક્કર મારતાં, ગંગાબહેનને શરીરે ગંભીર ઇજાઓ થતાં તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એમ.પઠાણ ચલાવે છે.

**<u>દાઝી જતા મૃત્યુ :</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૩૧/૧૫</u>**

**કારંજ :** તા.૩૦/૧૦/૧૫ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે પાનકોરનાકાથી ત્રણ દરવાજાની વચ્ચે આવેલ રમણલાલની દુકાનમાં શોર્ટ સર્કિટ થી આગ લાગતાં, દુકાનમાં હાજર પરીન્દ્રકુમાર નટવરભાઇ સોલંકી (ઉ.વ.૩૩)(રહે.વિજયનગર હાઉસીંગ સોસાયટી, કાંકરીયા) દાઝી જતાં, સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરેલ હતા. જ્યાં સારવાર દરમ્યાન રાતનાં ૯/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે કારંજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.ડી.પટેલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)